મેળાનુ વર્ણન

બનાવનાર.

દ્વીવેદી ઉગરેશ્વર ભગવાનજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. ભુલાભાઈ હઠીસંગ.

अमदावाद

"ચન્દ્રોદય" પ્રિન્ટિંગ પ્રેસ

સને ૧૮૮૯.

કીમત છ પાઈ

મેળાનું વર્ણન.

સારૂ સારૂરે સુરત શેહેર એ રાગ.

ધનધન અમદાવાદ શેહેર સોભા બહુ સારી;
ગઉ ગરબે પુરણ પેર. જાવું બલીહારી; ટેક.

શેહેરની શોભા શું મુખ વરણું, નથી ખાંપણ કંઈ ખોડ રે.
ફરી ફરીને જોતાં પોકે પુરા મનના કોડ. શોભા. ૧
વડા વીવેકી લોકો વસીયા પુન્યવંતા ને પ્રેમી રે.
દયાવંત છે સંત સરીખા નીત દરશનના નેમી. સોભા. ૨
સાચા ટેકી નીરખ્યાં નેકી જીવ મુકીને જોયાં રે,
શ્રાવણ વદ અસ્ટમીના દીને મનડાં મારાં મોયાં. સોભા. ૩
ઉત્તર દીશાનો દરવાજો દરીઆ છે નામ રે,
તે દરવાજા બારણે અસ્ટમીએ તમામ. સોભા. ૪
ગોકળ અસ્ટમીનો તે દીવસ દુનીયામાં કેહેવાય રે,
તે દીને પાછ્યાવાડીનો ભારે મેળો ભરાય. સોભા. ૫
સીતળા સાતમને દીને સઉ બેશી ઘોડે ગાડી રે,
નરને નારી નાહાવા માટે જાય છે પાછ્યાવાડી. સોભા. ૬
નહી ધોઈને [illegible]સ્થીત ખોઈને નામ પ્રભુનું ભાખે રે,
પાછા વળ[illegible] પ્રેમ ધરી સાથરામાં દાણા નાખે. સોભા. ૭

હરતાં ફરતાં પુન્યજ કરતાં ઉલટ આણી મંન રે,
ત્યાંથી પાછા ઘેર આવી ટાઢાં કરતાં ભોજન. સોભા. ૮
તે દીને તન ત્રપ્ત કરીને સુવે સજ્યા માંય રે,
બીજા દીવસે ગોકળાઅસ્ટમી નદીએ નાવા જાય. સોભા. ૯
ગોકુળમાં ગોવરધન પ્રગટયા ઉરમાંઈ ઉલાસી રે,
તેથી તે દીને દુનીઆમાં સઉ રેહેતું આપવાસી. સોભ. ૧૦
આનંદ ઓછવ બહુ તે દાહાડે ઉર હૈએ નવ માય રે,
દશ વાગેથી બાણી ઠાણીને મેળામાં સઉ જાય. સોભા. ૧૧
સોહાગ્રો મેળો થાય છે ભેળો જોતાં છટકે શોક રે,
નીચાં ઉંચો વરણના બહુ ભેગાં ભમતાં લોક. સોભા. ૧૨
વેપારી સઉ પેહેલાં આવી થઇ જાતાં તઇયાર રે,
તંબુ તાણી ઉલટ આણી બેશે હારો હાર. સોભા. ૧૩
તરે તરેની ચીજો વેચે ઝાઝા હરખી ઉર રે;
બરફી પેંડા ગુંજાં ઘેબર ખારેકને ખજુર રે. શોભા. ૧૪
બીરંજ કચોરીને બાસુદી, સુતરફેણી સારીરે.
મુંબઈનો હલવોને મરકી, હેડી દુધને ઘારી, સોભા. ૧૫
લાકડસઇ લાડુને જલેબી, પંચ્યાજીરી પ્યારી રે;
ખારી માળી પુરી મીતે વેચે ભુમો મારી. સોભા. ૧૬
પાક ગોળ ટોપરાની કાચલી, સુખડી અને સેવો રે;
કાજુકળીઆ મગફળી, મુક્તિને સાઠા મેવો. સોભા. ૧૭
સાકરીઆ બુયાને સેલડી, મળતી મેળા માંય રે

જેની જેવી મરજી તેવી ચીજો લેઈને ખાય. શોભા. ૧૮
કાચાં પાકાં ચીભડાં લેઇને વાઘરી લોકો બેસેરે;
ચીકુણ્યો ગોઠમડાં આદ્દે નરખી હરખી લે છે. સોભા. ૧૯
નરને નારી ઉલટ ધારી અતર ફુલેલ ધાલેરે;
નવાં નવાં આભુષણ પેરી મન માને ત્યાં મહાલે. સોભા. ૨૦
ભામનીયો ત્યાં ભભકા મારે, ભરજોબનીયો ભારીરે;
છકી ગયેલી સજીને આવે ચેરાની બલીહારી. સોભા. ૨૧
મનમાં મહાલે લટકે ચાલે ઓપે આભુષણ જોડારે;
નૈણામાં કાજળ સારી વાંકા મેલે અંબોડા. સોભા. ૨૨
હોઠને પીસે કામની રીસે, વણ ઉછળતુ ભાંખેરે;
આડી આંખે પરપુરૂષને જીવ બગાડી ઝાંખે. સોભા. ૨૩
ઠાકેડા ઠાકોર બનોને ઉરમા ઉલટ લાવેરે;
દસ પંદરના ટોળા થઇને ગામો ગામથી આવે. સોભા. ૨૪
એક જણો પખાજ વગાડે બીજા કાંસી જોડારે;
ગાતા ઘાટડીઓ વાળી વાંકા મેહલી અંબોડા. સોભા. ૨૫
આંખોમાં સરમા આંજેને ઘોતી ખેડા ઢળકેરે;
હાથે બાંધે અછોડા માથામાં દરપણ ચળકે સોભા. ૨૬
બહીરાની વાંસડીઓ ઘાલે દેખાવા અમુલ્ય રે;
કરણનાંને આવોળાંનાં ફરતાં ઓસે ફુલ. સોભા. ૨૭
તાળ વી[illegible] તો મારી તડાકા મનમાં ખુસી થાયરે;
માયે[illegible] માંથેડુ કુદી ગાંડુ ગાંડુ ગાય. સોભા. ૨૮

મરકટ જેવા છાકે છાકી વાંકુચુકુ બોલેરે;
કુદી કાઆ કચરી નાંખે દારૂ પીને ડોલે. સોભા. ૨૯
જેના મનને રૂચે તેવું રાજી રાખે મનરે;
કોઇ કરે કામો કારમાને કોઇ કરે ભજન. સોભા. ૩૦
આગળ જાતાં ડાભી બાજુ વેગે બેસે વ્યાસરે;
ગાગરો લેઇ ભારત ગાતાં મન આણી ઉલ્લાસ. સોભા. ૩૧
ચાળા ચટકા કરતા લટકા જોતા જીવ હરખાયરે.
તે જગ્યાએ લાખો લોકો, સાંભળવા ભરાય. સોભા. ૩૨
બાજીગર બહુ ગમત કરતા બેસી ઠામો ઠામરે;
લોકોનુ દીલ ખુશ કરીને માંગી લેછે દામ. સોભા. ૩૩
મદારીઆ મરકટને રીંછો, લેઈ ફેરવે ઠાસરે.
મલ મોટા મલકુસ્તઇ કરતા ચડે બજાણીઆ વાંસરે.
ચગડોળ વાળા ચગડોળ ચલવે તર રેવાને ખીચે.
ઘાંચી ગોલા ભીલ વાઘરી હેવી વરણો હીચે. સોભા. ૩૫
વાદીગર માંહી વેણુ વગાડી જગવે કાળા નાગ રે;
જુગારીઆ જુગાર રમાડી છાંટી લે શોહાગ. શોભા. ૩૬
તરકટી આવે ટોપીઆ ઘાલી તાકી તોફાન કરતારે;
બાજે ગાજે લેસ ન લાજે ફંદ ફુલી ફરતાં. સોભા. ૩૭
ભારે મેળો થાય બખેળો ભારે થાતી ભીડરે
કૈક પડે ને કૈક રડે કાંઇ કાને ચડતી ચીડ. સો૦
કઇક બાહાજે સામા સામી કઇક જઇ મુકાવેરે;

કઇક લહલડે કઇક સામા ઉપરાળા લેઈ આવે. સોભા ૩૯
કઇક જાણ્યા માંહી મોન્નમાણું કહીને પડતી કસ્ટીરે;
ઉપરથી પોલીસો મારની વરસાવે છે વૃસ્ટી. સોભા. ૪૦
લાલ ફરે લાકડીઓ ઝાલી ભભકા મારી ભારેરે;
વીજીઆ માઝમ ગાજાં પીને રૂડી રોફા મારે. શોભા. ૪૧
મહી લુચ્ચાવો લુચઇ કરવા બની ઠણીને આવેરે;
ગરદી વચે કામનોઓના કુચો જઈ દબાવે. સોભા. ૪૨
મુઢમતીના અલ્પગતીના આથી ખુશી થાય રે;
હેવામાં ઝાહેર પડે તો પોલીસ પકડી જાય. સોભા. ૪૩
પોલીસ પકડી બાંધી ઝકડી ઉપરી પાસે લાવે રે,
લબાડ લાતો ખાઇને છાના દંડ આપીને આવે. સોભા૦ ૪૪
ગોરા લોકો ઘોડે બેશી મેળા અંદર માહાલે રે,
તરકટીને તોફાનીને ઝડપ સરીખો ઝાલે. સોભા૦ ૪૫
નાના વીધના વાજાં અંદર સુંદીર કરતાં સોર રે,
હેદળ વાદળ ભેગુ થઈને બહુ કરતું બકોર. સોભા૦ ૪૬
હુનરવાળા હજાર આવી હરખી ઉદ્યમ કરતા રે,
નાના વીધના રમકડાં લેઈ મેળા વચ્ચે ફરતાં. સોભા૦ ૪૭
કોઇ સરકટની સાંઠી ઉપર મરકટ તો બનાવે રે;
દોરી સંચો કરીને અધર રાખીને હલાવે. સોભા. ૪૮
કેક જણાતો સરતો બાંધે ચતુર ધારે ચોટ રે;
ભાગ્ય પ્રમાણે કોઇ રળેને કોઇ ખાતા ખોટ. શોભા. ૪૯

શોખીલા નર સાથે બેશી મનને વેહેતું મેલે રે;
ચોશર પતા પ્રેમ ધરી એટે બેશી ખેલે. સોભા. ૫૦
હાવી રીતે પુરી પ્રીતે લોકો કરતા લેહેર રે;
સંધ્યાએ સઉ સ્નેહ ધરી પાછા વળતાં ઘેર. સોભા. ૫૧
ઘણાક બેસે ઘોડે ગાડી નીરમળ રાખે નેણ રે;
ચાબકો મારી દોડાવી ફંદી કાડે ફેણ. સોભા. ૫૨
ઉલટ લાવે દ્વારે આવે સઊં હરખીને મંન રે;
પૈ પૈશા લેઇ દેવ મંદીરમાં દોડે છે દરશાન. સોભા. ૫૩
તે દહાડો ઇસ્વર ઓછવનો લોકો લે છે માંણીરે;
આખી રાત્રી હીંડોળે હીંચોળે સારંગ પ્રાણી. સોભા. ૫૪
અડધી રાતે ઇસ્વર જન્મે ગોકુલ મધે ગાજીરે;
તે વેલા સઉ પ્રસાદ લઇને દીલમાં થાતા રાજી સોભા. ૫૫
ભકતો ભકતી કરીને ઉઠે જારે વાણું વાય રે;
પ્રાતુસકાળે પારણા કરીને પ્રભુને લાગે પાય. શોભા. ૫૬
આ મેળાનો મહીમા ગાતાં પોકે મનના કોડ રે;
ઉગરેશ્વર કેહે હરખી બોલો જે જે શ્રી રણછોડ. શોભા. ૫૭

સમાપ્ત.